ફો.કે.નં. ૩૦૭૧૨/૨૨

## આંક–૧ હેઠળ હુકમ

(૧) માલવીયાનગર પોલીસ સ્ટેશન દવારા આરોપી **જયદેવભાઈ મહેશભાઈ ચાંઉ** ના વિરૂધ્ધમાં એમ.વી.એકટ –૧૮૫,પ્રોહી ક.૬૬(૧)બી નો ગુનો નોંધવામાં આવેલ છે અને ત.ક.અમલદારે નામ.કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામે આરોપી ઉપરનો આક્ષેપિત ગુનો વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, આ કામના આરોપી પોતાના કબજા ભોગવટાની એકટીવા મો.સા. વગર પાસે પરમીટે દારૂ પી ને ચલાવતા હોય જેથી આરોપીને અટક કરીને તેનું બ્લડ સેમ્પલ ચકાસણી માટે લેવામાં આવેલું.ચાર્જશીટ સાથે રજુ દસ્તાવેજ ધ્યાને લેતા એવું જણાઈ આવે છે કે ચાર્જશીટ સાથે રજુ એફ.એસ.એલ.નું ફોર્મ સી માં ફીયાલ મોકલવાની તારીખ **૨૯/૦૮/૨૨** છે અને પહોંચવાની તારીખ **૦૯/૦૯/૨૨** છે જેથી આ હકીકત સ્પષ્ટ રેકર્ડ ઉપર આવે છે કે આરોપીનું લીધેલ બ્લડ સેમ્પલ સાત દિવસમાં પરીક્ષણ હેતું પહોચેલ નથી.

(૩) મુંબઈ પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ ૧૯૫૯ નાં રૂલ ૪(૨) તરફ દોરવામાં આવેલ છે. સદર નિયમમાં કરવામાં આવેલી જોગવાઈઓ જોવામાં આવે તો લીધેલ નમુનાં લોહીને ચકાસવા માટે ચકાસણી અધિકારીને ટપાલ મારફત અથવા ખાસ સંદેશાવાહક મારફત મોકલી આપવાનું આવું લોહી લીધાની તારીખથી સાત દિવસની અંદર મળી જાય તે રીતે મોકલવું. નામદાર વડી અદાલતે ૧૯૯૦(૨), ગુજરાત લો હેરાલ્ડ પાના નં. ૪૫૧ ગુજરાત રાજય વિરુધ્ધ બાપુજી સવાજીભાઈનાં કેસમાં પ્રતિપાદિત કરવામાં આવેલ સિંધ્ધાતને લક્ષમાં લેતાં લીધેલ નમુનો સાત દિવસની અંદર પ્રયોગશાળામાં પહોંચી જવો જોઈએ.

(૪) હાલના કામમાં એફ.આઈ.આર તથા રેકર્ડ ધ્યાને લેતાં આરોપીને લોહીનાં નમુના દિન–૭ ની અંદર એફ.એસ.એલ. લેબોરેટરી ગાંધીનગર ખાતે પહોંચેલાં નથી અને તે ત્યારબાદ ઘણાં જ મોડા પહોંચેલાં છે. આમ, મુંબઈ પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ ૧૯૫૯ નાં રૂલ ૪(૨) ની મેન્ડેટરી જોગવાઈનો ભંગ થયેલ હોય તેવું આ કેસમાં જણાય છે. આ તબકકે સી.આર.પી.સી. કલમ –નીચે પ્રમાણે છે.

**Section 258 in The Code Of Criminal Procedure, 1973**

258. Power to stop proceedings in certain cases. In any summons- case instituted otherwise than upon complaint, a Magistrate of the first class or, with the previous sanction of the Chief Judicial Magistrate, any other Judicial Magistrate, may, for reasons to be recorded by him, stop the proceedings at any stage without pronouncing any judgment and where such stoppage of proceedings is made after the evidence of the principal witnesses has been recorded, pronounce a judgment of acquittal, and in any other case, release the accused, and such release shall have the effect of discharge.

ઉપર જણાવેલ સી.આર.પી.સી.ક.૨૫૮ની જોગવાઈ ધ્યાને લેતા જયારે આરોપી વિરૂધ્ધ ગુનો બનતો ન હોય ત્યારે આરોપીને છોડવાનું પ્રાવધાન છે અને તે ડીસ્ચાર્જની ઈફેકટ હોય છે.

(૫) આમ ઉપરોકત મુજબની વિગતવાર ચર્ચા તથા નામ.સુપ્રિમ કોર્ટ તથા નામ.જારખંડ હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત થયેલ ઉપર મુજબના સિધ્ધાંતો ધ્યાને લેતાં મુંબઈ પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ ૧૯૫૯ નાં રૂલ ૪(૨) ની મેન્ડેટરી જોગવાઈનો ભંગ થયેલ છે. જેથી આરોપીએ દારૂ પીધેલી હાલતમાં ગાડી ચલાવતો હોય જે પ્રથમ દર્શનીય પુરવાર થતુ નથી જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂં છું.

**:: હુકમ ::**

હાલના આરોપીને સી.આર.પી.સી.ની કલમ–૨૫૮ હેઠળ છોડી મુકવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: રાજકોટ
તારીખ:૧૧/૦૨/૨૦૨૩

**( કુ. વિનતી)**
**૪થા એડી. જયુડી.મેજી.ફ.ક., રાજકોટ**
**યુઆઈડી:જીજે૦૧૫૫૦**